# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## સંશોધન સલાહકાર સમિતિની ૨૧મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સલાહકાર સમિતિની ૨૧મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ સમિતિની બેઠક તા.૨૫/૧૧/૨૦૨૪નાં રોજ સાંજે ૦૪:૩૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં Online/Offline એમ બંને મોડમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

(૧) પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી (રૂબરૂ)
(૨) પ્રો. (ડૉ.) લલિતકુમાર પટેલ, સભ્યશ્રી (રૂબરૂ)
(૩) પ્રો. દિલીપ સી. પટેલ, સભ્યશ્રી (Online)
(૪) પ્રો. અતનુ મોહાપાત્ર, સભ્યશ્રી – અનુપસ્થિત
(૫) શ્રી પન્નાલાલ વ્યાસ, સભ્યશ્રી (Online)
(૬) શ્રી અર્જુનકુમાર સામલ, સભ્યશ્રી (Online)
(૭) ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી (રૂબરૂ)
(૮) શ્રી જીતેન્દ્રકુમાર વ્યાસ, સભ્યશ્રી (Online)
(૯) ડૉ. જાનકીશરણ આચાર્ય, સભ્યશ્રી (રૂબરૂ)
(૧૦) ડૉ. વસુમતીબેન દવે, સભ્યશ્રી (Online)
(૧૧) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી (રૂબરૂ)

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ અને ચાલી રહેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૨) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. ત્યારબાદ, માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

૧. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં જ્યોતિષ વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. નિત્યાનંદ ઓઝાની પીએચ.ડી. માર્ગદર્શકતા સબબ પ્રાપ્ત અરજીની ચકાસણી કરી યોગ્ય જણાતા તેમને પીએચ.ડી.માં જ્યોતિષ વિષયની માર્ગદર્શકતા આપવા સર્વાનુમતે સમિતિ ભલામણ કરે છે.

૨. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં સાહિત્ય વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. જિગર એમ. ભટ્ટની Seed Grant (Research Project) સબબ પ્રાપ્ત અરજી અંગે તેમણે ગુજરાત સાહિત્ય અકાદમીમાં પ્રસ્તાવિત પ્રોજેક્ટ મંજૂર થતાં અને તેમણે કરેલ ટેલિફોનિક સૂચના અનુસાર તેમજ Seed Grantની Policy અનુસાર અત્રે કરેલ Seed Grant (Research Project) અંગેની તેમની અરજી મોકૂફ રાખવી તથા ભવિષ્યમાં તેમના દ્વારા ઉક્ત બાબતે પુનઃ અરજી કરવામાં આવે ત્યારે અગ્રિમ પ્રક્રિયા કરવી તેમ સર્વાનુમતે સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

૩. Ph.D./M.Phi. Degree Certification જે-તે સંકાયના Deanના સ્થાને UGC-2022 નિયમાનુસાર યુનિવર્સિટીના માન.કુલસચિવશ્રીની સહીથી ઈશ્યુ કરવા સમિતિ ભલામણ કરે છે.

૪. Best Ph.D. Thesis Awardના નિયમો અંગે માન.કુલપતિશ્રી દ્વારા ગઠિત સમિતિની બેઠકની કાર્યનોંધ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી. તે મુજબ સમિતિ દ્વારા નિર્મિત Best Ph.D. Thesis Award Policyનું

Structure મૂલ્યાંકનનું માળખું યોગ્ય હોવાથી યથાવત્ રાખવું, મૂલ્યાંકન માટે કુલ-૫ બાહ્ય વિષય-નિષ્ણાંતશ્રીઓની પસંદગી, જેમાં ૦૩ રાજ્યના અને ૦૨ રાજ્ય બહારના મહાનુભાવોની પસંદગી કરવી. પસંદગી માટેની સત્તા માન.કુલપતિશ્રીને આપવી. મહત્તમ ૦૩ સભ્યો (૨+૧)ની ઉપસ્થિતિમાં શોધપ્રબંધોનું મૂલ્યાંકન કરવું તેમ સર્વાનુમતે સમિતિ ભલામણ કરે છે.

૫. ૦૪ સંશોધન કેન્દ્રોની સલાહકાર સમિતિ નિયમાનુસાર બનાવવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવનું સૂચન-**

૬. Best Ph.D. Thesis Awardના દાતાશ્રીની વાત પ્રસ્તુત થતાં આ સમિતિના સભ્યસચિવશ્રી ડૉ.કાર્તિક પંડ્યા, સંશોધન અધિકારીએ રૂા.૫,૧૦૦/-ના પ્રથમ દાતા બનવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને સમિતિએ સહર્ષ સ્વીકાર્યો અને સંતોષ વ્યક્ત કર્યો. ત્યારબાદ, સમિતિના અધ્યક્ષશ્રી પ્રો.સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી, સમિતિ સભ્યશ્રી પ્રો.દિલીપ પટેલ (HNGU), સમિતિ સભ્યશ્રી રવીન્દ્ર કાળે, ગ્રંથપાલશ્રી વગેરેએ પણ અનુક્રમે દાતાશ્રી બનવાની ઈચ્છા પ્રગટ કરી, જેની સમિતિએ આનંદપૂર્વક નોંધ લીધી.

**અધ્યક્ષશ્રીનું સૂચન-**

૭. રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦ (NEP-2020) અનુસાર આગામી સમયમાં પીએચ.ડી. પ્રવેશમાં આંતરશાખીય (Interdisciplinary) અને બહુવિષયક (Multidisciplinary) શીર્ષકોને પ્રાધાન્ય આપીને Research Discussion Committee (RDC)નું આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.

આ બેઠકની કાર્યનોંધને અગ્રિમ AC/ECની બેઠકમાં લઈને તેની બહાલી/મંજૂરી મેળવવા ભલામણ છે. બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી